# વાઘ બકરી ટી ગ્રુપે કોવિડ-૧૯ મહામારીથી અસગ્રસ્તો માટે લગભગ રૂા. ૩.૫૦ કરોડનું યોગદાન આપ્યું

અમદાવાદ,તા.૧૯

વાઘ બકરી ગ્રુપ આપણા રાષ્ટ્રના ફ્રન્ટલાઈન વોરિટર્સને સલામ કરે છે. આપણી સુરક્ષા અને આરોગ્ય માટે અથાક પરિશ્રમ ઉઠાવી રહેલા ફ્રન્ટલાઈન વોરિયર્સ પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવા વાઘ બકરી ટી ગ્રુપે વડાપ્રધાન અને સીએમ સહાય ભંડોળમાં લગભગ રૂા.૩.૫૦ કરોડનું યોગદાન આપ્યું છે અને પ્રત્યક્ષ રીતે મેદાનમાં ઉતરીને કામ કરી રહેલી વિવિધ સંસ્થાઓ, આશ્રયસ્થાનો, રોજની આવક ઉપર નભનારા આરોગ્ય કર્મચારીઓ અને પોલીસ કર્મચારીઓ માટે ચા આપવાની સેવા પણ પુરી પાડી છે. પીએમ કેર્સ ફંડને વાઘ બકરી ટી ગ્રુપ દ્વારા લગભગર રૂા.૨ રકોડનું દાન પ્રાપ્ત થયું છે. ઉપરાંત ગ્રુપના બોર્ડ ઓફ ડાયરેક્ટરો સાથે કર્મચારીઓએ સ્વૈચ્છિક રીતે એક દિવસનો પગાર દાન કરીને રૂા.૧૩ લાખનું વધારાનું યોગદાનન આપ્યું છે. ગ્રુપ વર્તમાન આરોગ્ય કટોકટી સામે લડવા અને તેમાંથી બહાર આવવા માટે સૌથી વધુ અસરગ્રસ્તમાંથી એક રાજય ગુજરાતને મદદરૂપ થવા માટે ગુજરાત મુખ્યમંત્રી ભંડોળમાં રૂા.૧ કરોડનું દાન આપ્યું છે. આ અવસરે મેનેજિંગ ડાયરેકટર રશેષ દેસાઈએ જણાવ્યું હતું કે, સર્વ ભારતીય કોવિડ વોરિયર્સને મારા મન: પુર્વક અભિનંદન. હું એક દિવસનો પગાર સ્વૈચ્છિક રીતે આપીને અમારા સ્ટાફ અને કર્મચારીઓએ રૂા.૧૩ લાખ ભેગા કર્યા તે બદલ તેમનો પણ આભારી છું. જે ઈતિહાસમાં મઢેલા વાઘ બકરી સંબંધ બનાવ્યાના અસલી અર્થનું દ્યોતક છે.વાઘ બકરી ટી રૂા.૩૦ લાખના પીપીઈ માસ્ક,હાથમોજા, ડિસ્પોઝેબલ ફેસ માસ્કસ અને ફુલ બોડી પ્રોટેકશન કિટ્સનું દાન કરીને અમદાવાદ, જામનગર અને ભુજના કેન્ટોનમેન્ટ વિસ્તારોમાં ભારતીય લશ્કર દ્વારા નિર્મિત ૫૫૦ બેડની કોવિડ હોસ્પિટલને પણ ટેકો આપ્યો છે. ગ્રીન ટીન અને આઈસ ટીનું સેવન રોગ પ્રતિરોધકતા વધારવા માટે સૂચિત કરવામાં આવે છે. ત્યારે ગ્રુપે ૨૦૦ જેટલા ટ્રાફિક ચેકપોઈન્ટ્સ ખાતે ગુજરાતમાં ફરજ બજાવતા ૨૦૦૦ જેટલા પોલીસ અને આરોગ્ય કર્મચારીઓની રોગ પ્રતિરોધકતા વધારવામાં મદદરૂપ થવા માટે રોજ ગ્રીન ટીનું વિતરણ કરી રહી છે. વાઘ બકરીની ટીમો ગુજરાતભરમાં ગ્રીન ટીનું પણ વિતરણ કરી રહી છે. અને હમણા સુધી ૫૦,૦૦૦ જેટળા ટી પેકસનું વિતરણ કર્યુ છે.વાઘ બકરી ટી ગ્રુપના મેનેજિંગ ડાયરેકટર રશે દેસાઈએ જણાવ્યું હતું કે, આ મહામારીએ અચાનક આપણા દો પર હુમલો કર્યો છે. તેનાથી મને મોટો આંચકો લાગ્યો છે. વાઘ બકરી ટી ગ્રુપમાં અમે હંમેશા કોઈ પણ આપત્તિઓ કે કટોકટી રાષ્ટ્ર પર આવી પડે ત્યારે નાગરીકો અને અમારા ગ્રાહકો સાથે ખભેખભા મિલાવીને પડખે રહેવા માટે હંમેશા આગળ રહીએ છીએ. નાણાંકીય યોગદાન ઉપરાંત ગ્રુપ સમાજના નબળા વર્ગોને સેવા આપવા માટે પોતાને સમર્પિત કરતી સંસ્થાઓ અને જુથોને મન:પુર્વક ટેકો આપી રહી છે. વાઘ બકરી ટી ગ્રુપ અમદાવાદ શહેરમાં ૩૦ અલગ અલગ આશ્રયસ્થાનોમાં રહેતા આશરે ૩૦૦૦ લોકોને ચા આપીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી)ને પણ ટેકો આપી રહી છે. ૧૦૦ વર્ષના વારસા સાથે જવાબદાર કોર્પોરેટ નાગરીક તરીકે વાઘ બકરી ટી ગ્રુપ અને વડાપ્રધાન ફેમિલી લીગસી એવોર્ડ (૨૦૧૭)ની ગૌરવવંતી વિજેતા તરીકે વાઘ બકરી આ કસોટીના સમયમાં રાષ્ટ્રની પડખે છે.